શ્રી

અંબિકા છંદ માળા.



मातर्भैरविभद्रकालिविजयेवाराहिविश्वाश्रये ।
श्रीविद्येसमयेमहेशिबगलेकामेशिरामेरमे ॥
मातङ्गित्रिपुरेपरात्परतरेस्वर्गापवर्गप्रदे ।
दासोहंशरणागतःकरुणयाविश्वेश्वरित्राहिमां॥१॥

રચી પ્રસિદ્ધ કરનાર

" સેવક "

" દેશી મીત્ર " એન્જીન પ્રીન્ટીંગ પ્રેસ.

વીર સંવત ૧૯૬૩ સને ૧૯૦૭

કીમત બે આના

અર્પણ પત્રિકા.

મહેરબાન મુરબ્બી ભાઇ

રા૦ રા૦ મૂળશંકરભાઇ, જયાનંદ

મુકામ સુરત.

જેમ આદિ અનાદિ સ્વયંભુ પાર્વતિ કાંન્ત આ જગતના
"મુળ રૂપ છે" તથા આ જગતનું સર્વાર્થ સંપત
શ્રેયસ્કર "શંકર" નામ કલ્યાણકારિ છે.
તેવાજ, આપ "મુળશંકર" છો માટે
શ્રી.જગદંબાના આશ્રયથી યત્
કિંચિત્ મતીથી થયલો આ લઘુ
ગ્રંથને પ્રેમોતત્સુકયતાથી
આપને આપના હસ્તમાં
અર્પણ કરૂં છું
તે સ્વિકારશો.

દોહરો.

શક્તિ "છંદમાળા" રચી, તમ બુદ્ધિ પરતાપ,
અર્પૂં "મુળશંકર" ને, ભાવ ધરીને અમાપ.

વિજય વિક્રમ વર્ષ સંવત
૧૯૬૩ના વૈશાખ સુદ ૩
વાર બુધે.

લી૦ શુભેચ્છક
"સેવક"
કર્ત્તા.



સ્તવન.

શેવું માત સરસ્વતી, ગણપતી લાગું પાય;
વંદુ શીશ નમાવીને, કરતુ ભક્તને સહાય. ૧
કરૂણાલી તું ઇશ્વરી, ભગવતી ભક્તિ માય;
નથી આશ બીજા તણી, ઘો ભગવતિ વિધાય. ૨
ગીરજાનંદ ગણેશ તું, વ્યાપક ઠામો ઠામ;
નમી નમી આરાધીએ, સિદ્ધ કરો મુજ કામ. ૩
દાખવ દીન ઉપર દયા, સુંઢાળા શીવબાળ;
સકળ સભામાં વિનવું, લ્યો ગજમુખ સંભાળ. ૪
રખું ડાળ એક તાહેરી, મમ શીરપર હમ્મેશ;
નમું માતજી અંબિકા, જે વ્યાપક દેશોદેશ. ૫
છો મા સાચી સિદ્ધીદા, તેજ તણો ભંડાર;
ડમરો જાસુદ મોગરો, વાડિતણો નહી પાર. ૬
દાસને શરણે રાખજો, કરજો ઇચ્છિત કાજ;
સદા માત આરાધીએ, રાખો ગરીબની લાજ. ૭

સ્તુતિ.

છંદ ૧

નવખંડ ભારત ભૂમીની, દેવી તું અંબા માયજી;
એ બ્રાહ્મણો પ્રતિપાલીની, દેવી તું કરજે સહાયજી.
સહાય કરો જનુની સતી, હું વંદુ વારંવારજી;
શર્ણાગતો રક્ષી કરી, ભવ ભય ઉતારો પારજી.
વારે ધાઓ અંબા ત્રીપુરારી, (૨)
જગતના છો માં આધારી, (૨)
રાખ્યા દેવ દૈત્યો સંહારી, (૨)
રાખુ છું આશ સદા તારી, (૨)
પુરો આશ અરજી ઉર ધારી, (૨)
શેવકને ઢાલ એક તારી, (૨)

છંદ ૨

સૂણો સૂણો સવાલ અલબેલા, સુંડાળા શિવ બાળ; કરો જી જગતનકી પ્રતિપાળ. સકળ સભામાં તને આરાધું, જય જ જગદાધાર; પ્રશન થાવો દેવા મોરાર. ઉમંગ ઉમંગ મારા

મનમાં ઉછળે, લેતાં તમારૂં નામ; અરાડે વરણ ભજે તમામ શુભ પ્રસંગે વ્હેલા આવો, સ્વામી દીનદયાળ—કરોજી ૧

લક્ષ ચોર્યાશી યોનીમાંથી, બહાર જવા જઉં જ્યાંય; કર્મ દોષ આડે આવે ત્યાંય. એક નગરમાં એક અંધ વિપ્ર, જે ચા માંગે ગામ બહાર; ફરતો કિલ્લો ને એકજ દ્વાર. માર્ગે ચાલ્યો અંધ વિપ્રને, મલ્યો મનુષ્ય એક સાર; વિપ્રએ કહ્યા મંન વીચાર. મનુષ કહે દરવાજો આવે, કિલ્લે હાથ દઇ ચાલ—કરોજી ૨

દાદરનો રોગ હતો વિપ્રને, ચાલ્યો જાય છે ત્યાંય; આવિ પહોંચ્યો દરવાજો જ્યાંય. અંધ વીપ્રને ખરજ આવી, દાદર પર તે વાર; ચાલ્યો ખણતો ખણતો તે ઠાર. મુકેલો હાથ લિધો ઉપાડી, ન કીધો મંન વિચાર; મુકી ચાલ્યો કિલ્લાના દ્વાર. ખરજ પોતાને પુરી થઇને, મુકયો હાથ તત્કાલ—કરોજી ૩

ફરી આવ્યો દરવાજા પાસે, આવિ ખરજ તે ઠાર; કર્મ દોષના આ છે સંસ્કાર. આ પ્રમાણે ફર્યા કરે છે, વિપ્ર ત્યાં વારંવાર, દુઃખ પામે છે અપરંપાર. કિલ્લારૂપી યોની સમજો, મનુષ્યરૂપી દ્વાર; અંધરૂપી અજ્ઞાની સાર. ખરજરૂપી સમજી સેવા, વિષય સૂખ જંજાળ—કરોજી ૪

દાદર ઉપર ખરજ ઘણી મિઠિ લાગે છે સાર, તેમ લાગે આ સુખ સંસાર. મૃત્યુ સમય નજીકમાં આવ્યો નવ છોડયો

સંસાર, ભજ્યા નહિ સાચા જગદાધાર, પ્રાણુ ગયાને યોની માંહી ભટકે વારંવાર, ખોયું મનુષ્ય દેહ મુક્તિ દ્વાર, દ્વાર પાછું મેળવવૂં હોએ, ભજ લે શંભૂલાલ. કરોજી. ૫

સિદ્ધિ બુદ્ધિના પતી, કળા તુજ, અતી છે વિશ્વાધાર, સહાય થાવોજી અનદાતાર. કૃપા કરીને આપો બુદ્ધી, આપો શુભ આ ચાર, મળે ગએલૂં પાછૂં મોક્ષદ્વાર, ગુન્હા હમારા કૃપા કરીને કરજો સ્વામી માફ, પ્રાશ્ચિત કીધેલા સઘળા કાપ. દીન શેવકને શરણે લેજો જાણીને તમ બાળ. કરોજી. ૬

છંદ ૩

પ્રથમ નમું શિવ સુત દુઃખ ભંજન,
જય. જય, જય, જગત્રાતારે દેવા. પ્રથમ. ૧
સિદ્ધિ બુદ્ધિના નાથ દયાળુ,
વિધ્નહરણ સુખ દાતારે દેવા. પ્રથમ. ૨
મહેર કરોજી સ્વામિ સુંઢાળા,
મુષક વાહન એક દંતારે દેવા. પ્રથમ. ૩
સેવક તમારો નમિ નમિ કહે છે,
માગૂં ચરણમાં રહેવારે દેવા. પ્રથમ. ૪

૭૬ ૪

તાપિ નદીના કીનારા પર સુરત સહેર ગુલઝાર,
વસે જ્યાં અંબા જગદાધાર ટેક.
ધીઆ ફલિઆમાં મુકામ માજીનો દેરા મધ્યેસાર.
પ્રથમ હું કરૂં તેનો વિસ્તાર.
પ્રથમ પગથીઆ નવ મંદિરના લાંબા મોટા તે ઠાર,
ચડીને આવે ચોક મોઝાર.
આવિ કદમ દસ દૂર જાયતો કઠેરો છે નીરધાર,
જેમાંથી આવે ડેહરામાં સાર.
આવિ અરજ કરી શીશ નમાવૂં અંબામાં બલિહાર,
ચાંદિના સિંહાસનપર સાર. તાપિ. ૧

સિંહાસન પર માત બીરાજે જનુની જગદાધાર,
ઉડે ત્યાં તેજ તણો ઝિંબકાર.
સિંહાસન,ની અદભુત શકતી ત્રિસુલ શોભે અપાર,
નિશાનો ફર ફરે વારંવાર.
ડાબા જમણી બે મોર બીરાજે પુતલિ શોભે છે ચાર.
નકસિ શી શોભે અપરંપાર.
ડેરા તણો સું વિસ્તાર કરૂં કહેતા નહી આવે પાર,
સુશોભિત રંગિન હાંડી બાર, તાપિ. ૨
ઝુમ્મર સારા સોભિ રહ્યા છે લાલ-લીલા નિરધાર,

ફરતી તકતાની બાંધી હાર.
ઘંટા ઘડિયાલ શોભિ રહ્યા છે ચાર બાજુએ ચાર,
કરૂં મા સ્વરૂપ તણો વિસ્તાર.
જરકશી સાડી શોભે તમારી ઘુઘર,નો ઘમકાર,
દંત પર રેખ કરે ચમકાર.
ઘુઘરીઆળો કંકણુ ચુડો નથનિ નાકે તૈયાર,
ગળામાં નવસેરો છે હાર. તાપિ. ૩
કાને કુંડળ વેડ વીંટીઓ ચીંજપટીમા સાર,
હનૂંયે હીરો ઝલકે અપાર.
બાજુબંધને પોંચી શોભે કાલીગાંઠિ નિરધાર,
કહેતા નહિ આવે જેનો પાર.
કલ્લા સાંકળા હાથ અંગુઠી ઝાંઝરનો ઝમકાર,
ટીલડી શોભે અપરંપાર.
વાડી તમારી સુંદર શોભે શું કરૂં મુખ વિસ્તાર,
માળિએ ખુબ કરી તૈઆર. તાપિ. ૪
દાડેમ જાસુદ બટ્ટ મોગરો ગરણી ગોટા અપાર,
ચંપો ગુલ છડી ગૂલ હજાર'
જાઇ જુઇને સાહેલી છે આજુ બાજુ નિરધાર,
ગુલાબો વચ્ચે શોભે સાર,
બંકાવલી બેહકે ઘણીમાં કેવડો શોભે અપાર,
કરેણુ ચંબેલી,ની હાર.

આશો પાલ્લવ ઝુકી રહ્યો છે અંબામા બલિહાર,
વંદુ કર જોડી વારંવાર. તાપિ. ૫
સાંચિ સિધ્ધીદા જય કલ્યાણી, એકતારો આધાર.
દુરિત દુઃખ વિઘ્નો ને નિવાર.
અરજ કરીને પાય પડુ છું અરજી મા ઉરધાર,
રંક જાણી મુજને સ્વીકાર.
ગુન્હેગાર તમારો કહેવાઓ ગુન્હા કિધા અપાર,
ક્ષમા કરી ઉતારો ભવપાર,
શેવક તમારો નમી નમી કહે જય જય જગદાધાર,
સદા શિર રહેજો મા બલીહાર, તાપિ ૬

—(૦)—

છંદ ૫

સગરાંમપરાની ઝુંડા શેરીમાં, મહાલક્ષ્મી મા બિરદાલી,
ડુંગરપરથી આવી વસ્યા માં, કરભગ્તોની રખવાલી,—ટેક.
ભકતજનોની આશ પુરોમાં, ભકતના શિરપર રહો ગાજી.
શદા તમારૂં ધ્યાન ધરૂં મા, ભક્તનકું રાખો રાજી;
પાપિ કોલેરા રોગ ફેલાયો, સુરત સહેર મધ્યે ભારી.
ઝટપટ પકડી લે પંજામાં, દુનિયા થઇ ગઇ દુખીયારી;
પાપિ રોગથી કોણ બચાવે, તારા વિના ખપ્પરવાલી–ડુંગર. ૧

તારે શરણે આવી રહ્યા મા, તુમ જગતનકે આધારી;
ગુન્હા તમારા ઘણા કીધા મા, ક્ષમા કરો માતા મારી.
પાપી પેટનિ જૂઠિ માયામાં, ભક્તિ ભુલ્યો તારી માજી;
ધન દોલતને પુત્ર નારી જોઈ, સદા રહું મનમાં રાજી.
ઇશ્વરી હુંકાર ખાલી થયા જોઇ, કૃપા કરો મા મહાકાળી—ડુંગર. ૨
મહાકાળી તું દીનદયાલી, પાવાગઢની પટરાણી;
પતઇ રાજાપર કોપ કરીને, નગર કર્યું સઊ ધુળધાણી.
ભગત તમારા કાલીદાસને પલક એકમાં પ્રસન થયા;
મૂર્ખ, અજ્ઞાની ઘણા હતા તેને, જ્ઞાન દઇ પંડીત કર્યા.
ત્રણે લોકમાં તને આરાધે, ધન ધન ધન પાવાવાલી—ડુંગર. ૩

છંદ ૬

કામાક્ષી કરૂં હૂં પ્રણામ જોડી, કાલીકા કરૂં હૂં પ્રણામ જોડી. ટેક.
નમૂ ચંડિકા નમૂ અંબિકા, નમુ ચામુંડા માત જોડી—કાલીકા. ૧
નમૂ વાગેશ્વરી નમુ છત્રેશ્વરી, નમુ હું ભૈરવી માત જોડી—કાલીકા. ૨
નમુ ઇંદ્રાણી નમુ બ્રહ્માણી, નમુ શીરોહી માત જોડી—કાલીકા. ૩
નમુ મા તુલજા નમુ હૂં તોતલા, નમુ હૂં ઉમીયા માત જોડી-કાલીકા૪
નમૂ ધનેશ્વરી નમુ મહેશ્વરી, નમૂ લલિતા માત જોડી—કાલીકા. ૫
નમૂ દયાલી બહુચર બાલી, નમુ મહાલક્ષ્મી માત જોડી—કાલીકા. ૬

નમૂ સુલેશ્વરી નમુ નલેશ્વરી, નમૂ ધોતિની માત જોડી–કાલીકા. ૭
નમૂ કપાલી હે ભદ્રકાલી, શેવક લાગે પાય જોડી–કાલીકા. ૮

છંદ. ૭

ઓ મા નમૂં માહામાયા, માહામાયા મતબાલી, તમો છો આરાસુરવાલી. નમું. ટેક.

ઓ મા મધૂકૈટ બલિઓ, બલિઓ પ્રગટયોતો જેહ, દેવને નડવા લાગ્યો તેહ, દેવતાઓ ત્રાસે, ત્રાસ નહી સહેવાયો જ્યાંય, બ્રહ્માજી લેવા ચાલ્યા સહાય, વિષ્ણુજી પાસે, વિષ્ણુ નિદ્રા લે જળમાંય, બ્રહ્માજી સ્તુતિ કરે છે ત્યાંય, જાગ્રત નવ થયા.

ઝુલણા.

જાગ્રત ન થયા વિષ્ણુજી, બ્રહ્મા કરે વીચારજી;
નિદ્રાદેવી આરાધિયા, તવ જાગ્યા શ્રી મોરારજી.
જાગીને બોલ્યા, બોલ્યા શ્રી વનમાલી. તમો છો. ૧

ઓ મા બ્રહ્માને પૂછે, કેમ આવ્યા બ્રહ્માજી આજ, બ્રહ્મા કહે શું પૂછો મહારાજ, નથી અજાણ્યું, મધુકૈતભ નડે અપાર હણીને કરો દેવની વાર, વિષ્ણુજી ચાલ્યા, જઇ યુદ્ધ આરંભ્યુ જ્યાંય, પાંચ હજાર વર્ષ વીત્યાય, પાર નવ આવ્યો.

ઝુલણા.

નવ પાર આવ્યો યુદ્ધનો, સમર્યાં ત્યાં અંબે માતજી;

મોહિનિ રૂપમાં મોહ પમાડી, કરો અસુરની ઘાતજી.
મોહિનિ ધરિયૂં, ધરિયૂં ચાચરવાલી. તમો છો. ૨

ઓમા સજી સણગારે, સજ્યા દેવ કારણે ખાસ, આવી ઉભા અસુરની પાસ, અસુર ઝંખવાયો. ઝંખવાયો ને લાગ્યો મોહ, તમે કોણ સાચે સાચું કહો, યુધ્ધ નવ માંગુ. તવ પુછે અંબિકા માત, પ્રથમ કહો તમ મ્રત્યુની વાત, અસુર તવ બોલે,

ઝુલ

બોલ્યો અસુર તવ મુખથી સુણ મુજ મૃત્યુની વાતજી.
જળમાં ન ડૂબી પ્રથ્વિ જે, ત્યાં થાશે મારી ઘાતજી.
ખોળ કરિ જોયું, જોઇ નથી આ ડૂબેલી—તમો છો ૩

ઓમાં ક્રોધપર ચડિયા, ચડીયા લઇ ત્રીશુલ બાણ, મહુ કૈતભના લીધા પ્રાણ, પ્રથ્વિએ પડિયો. પડિયો પ્રથ્વી પર સાર, વરતાવ્યો દેવે જયજયકાર, તું ધન ધન અંબે. જયજય અંબે બલિહાર, જનુંની જવાળા જગદાધાર, ચડિ દેવ વારે,

ઝુલ.

વારે ચડીમા દેવની, સ્હાય કીધિ તેં તતકાળજી.
સિંહે ચડીને આવજો, લેવાને બાળ સંભાળજી.
સેવક આ કહે છે, કહે સુણુ ગબ્બરવાલી—તમો છો. ૪

ગરબો ૮

આરાસુરવાસી, અંબા મા તું બીરાજે,
ધીઆ ફળીએ મુકામ, કરતી ભક્તોના કાજે. ટેક.
ભાવ ધરી મન્ને, ભક્તો દરશન્ને આવે,
ઘીના દીવાને હાર, લાવી શ્રીફળ ચડાવે;
ચર્ણુ શિશ નામે, મા રાગ રાગણી ગાવે,
કરતા તમને સવાલ, દુઃખ દારિદ્ર જાવે.

સાખી.

નિરધનિઆઓ રાખતા, મોટી ધનની આશ;
અંધ આંખની નાંખતા, અરજી તમને દાસ.
અરજી સ્વીકારે, સઊના શિરપર રહી ગાજે. ધીઆ. ૧
લઇને ત્રિશુલે, રણુ ચડીઆ અંબા ખાસે,
મહીષાસુરને ચંડ મુંડ, મારી કીધો તેં નાશે;
રક્તબિજ રણિઓ, શુંભ નિશુંભ બે ઊલાસે,
માર્યો રણુ યુદ્ધની માંય, પુરી દેવોની આસે.

સાખી.

આશા પુરી દેવની, લૈઇને અનેક સ્વરૂપ;
પ્રગટયા પંચાળ દેશમાં, યજ્ઞ કરે જ્યાં ભુપ.
દ્રુપદ અવાસે, દ્રુપદીરૂપે છાજે. ધીઆ. ૨
હસ્તિનાપૂરે, કીધા મા પંચ ભરથારે,

ભોગવ્યાં તેં દુઃખ અનેક, વનમાં પાંડવો જ્યારે.
દુર્યોધન ધામે દુષ્ટ લીધાં તમ ચીરે,
ભરી સભાની માંય, લજ્યા રાખી મન ધીરે.

સાખી.

અંધ સુત વાણી બોલીઓ, બેસો મુજ જંગાય;
શ્રાપ આપીઓ તેહને, બેસે ભીમ ગદાય.
કુરૂક્ષેત્ર યુધ્ધે, કીધો ગદાથી પ્રાજે. ધીઆ. ૩
અકળ તુજ માયા, કહેતા નહિ આવે પારે,
દેવ મનુષ્ય પશુ જાત, રહે છે તારે આધારે;
રૂશીને મુનીઓ, કરતા મા સેવા તારી,
જપતા મા તમ જપમાળ, હેતે અંતર ધારી.

સાખી.

અંતર અરજી હમતણી, દાખલ કરજો માત;
સાહે ચડીને આવજો, સ્વિકારવા સાક્ષાત.
શેવક તુજ કહે છે, ધન્ય મલિયા દરશન આજે. ધીઆ. ૪

છંદ ૯

મા અંબે તું સુખકારી, શું કહું હું ખ્યાતિ તમારી—ટેક
તું છે અંબે દિન દયાલિ, તારી મનહર સુરતી ભાળીજી,
માગે દરશન નર ને નારી—શું ૧

તમે આદ્ય શકિત છો માતા, વલી સુખ શાંતિની દાતાજી,
તમો જગતનકે આધારી—શું ૨
શોભે રત્ન સીંહાસન તારૂં, જોઇ ચિત ઠરે મા મારૂંજી,
શિર કંચન છત્રપર વારી—શું ૩
રત્ન જડિત્ર મૂગટ ઝળકે, હિરા જગમગ તેમાં ચળકેજી,
એવા ત્રિપુરે માત હમારી—શું ૪
તારા દેહરાની રચના ન્યારી, દીવાલ ઉપર કૃષ્ણ મૂરારિજી,
દશ દેવિની છબિ ઉતારી—શું ૫
તમે દેવી દૈત્યોને માર્યા, ભક્ત વણિક વહાણે બચાવ્યાજી,
લાવ્યા પાંડવ રણ ઉગારી—શું ૬
આ સમય બારિક આવ્યો, સાથે પ્લેગ કોલેરા લાવ્યોજી,
પણ રક્ષા તું કરનારી—શું ૭
આ કલિયુગ ઘોર્ધો ભારી, શુદ્ધ બુદ્ધિ થાએ નઠારીજી,
લ્યો સેવકને ઉગારી—શું ૮

છંદ ૧૦

સૌનું કરો કલ્યાણ, કૃપાળી કાળિ, સૌનું કરો કલ્યાણ—ટેક.
નરનારી ને પશુ પક્ષી, જાપ જપે તુજ નામ
ગુણ ગાઇને વર્ણન કરતાં, કરો પુરણ મમ કામ—કૃપાળિ ૧

ખોટી માયા જુઠી કાયા, જુઠા ઘર સંસાર
જુઠો સંસાર સાચો માની, ભજ્યા ન જગદાધાર—કૃપાળિ ૨
વેપારી જેમ સાલ આખર, સરવાયું લે સાર
ખોટ આવે ત્યાં નામું તપાસે, ક્યાં ગયો ભંડાર—કૃપાળિ ૩
નામું તપાશી જોયું ત્યારે, સમજ્યો સાર અસાર
પેહેલાથી મેં સંગ્રહ ન કીધો, ત્યારે થયો નાચાર—કૃપાળિ ૪
તેમજ ભકતો ભકતી વીના, માંગે સુખ સંસાર
સ્મરણ તારૂં ઘડિ ન કીધું, અંતે થયો ખુવાર—કૃપાળિ ૫
ખ્વાર થઓ ત્યારે ભેદ સમજી, આવ્યો તમારે દ્વાર
ભુલચુક કીધી માફી આપો, સહાય થાવો દાતાર—કૃપાળિ ૬
હું અપરાધી તારો ભારી, ક્ષમા કરો બલિહાર
પ્રશન્ન થઇને બુદ્ધી આપો, વંદુ જગદાધાર—કૃપાળિ ૭
આશ રખું મા હું એક તારી, અરજી મા ઉર ધાર
સેવકને તમે સરણે લેજો, તારો ભવજળ પાર—કૃપાળિ ૮

છંદ. ૧૧

રૂપ પલટિને આવ્યો મહિષાસુર, હીમાલયપર જોતોતો
દીન દયાલી માત અંબિકા, નિરખિ નિરખિ મન મોહતોતો, ટેક.
નીચકર્મી અધરમી પાપી, આવી ઉભો અંબાને દ્વાર;
અંબીકાને લઇ જવાનો, મનમાં છુપો છે વિચાર.

એવું, વિચારી મન હંકારી, અંબીકાને વાણી કહી.
શુંભ તમને, તેડાવે માટે, મુજ સંગાથે ચાલો તહી,
કહે પાપી કહે પાપી, આ પહાડ હીમાલય દીસે ઘણો ભયંકારીજી
„ „ આપ કોણ સાને કારણે, ઉભા વિચારીજી
„ „ તને કહું છું આવ્વા સાથ વાત લાભકારીજી
માટે તું ચાલ, શુંભ સાથે મહાલ, મહીષાસુર કહેતોતો—દીન ૧
કઠોર વચન પાપીના સુણી, ક્રોધાતુર બનીયા ત્યાં માય.
ખાંડા ખપ્પર ત્રિશૂલ લઇને, મહીષાસુરના સામાં જાય,
સામા જઇને ક્રોધે બોલ્યા, મુઢ મતી તુજ ગઇ છે બુધ,
સામો થઇજા યુધ્ધ માંગુછું, નાશ થશે પાપી તુજ સુધ્ધ,
કહે માજી કહે માજી, સુણ અસુર, પાપિની જાત વાત મુજ જાણીજી,
„ „ કરૂં પળમાં તુજને ઠેર, વાંકી તુજ કરણીજી;
„ „ તૂં નમી ગમીને જા, સુણી મુજ વાણીજી.
ખરો ખર ક્રુર, જાતી અસુર, બાણ લેવાને ચાહતોતો --દીન. ૨
એક એકને બાણુજ મારે, યુદ્ધ મધ્યે નવ હઠે લગાર;
દાવ જોઇને બાણુજ મારી, મહીષાસુર હણ્યો તે વાર.
મરણ પામી અસુર રાહે, બીજા રૂપે પ્રગટ્યો તે વાર;
પાપી રાક્ષસી રૂપ લઇને, આવી ઉભો સામો તે ઠાર.
કહે પાપી, કહે પાપી, આ મહીષાસુરની સાથ બાથ બીડાવોજી,
„ „ તું રાંક નારીની જાત બળ બતાવોજી;
„ „ તમે અબળા જાતી ફેર કેવો વરતાવોજી.

સુણીને ફેર, મહીષાસુર ઠેર, મારી રણ નાંખ્યોતો–દીન. ૩
આ પ્રમાણે વારજ કીધી, દેવતણા દુઃખ કાપીને;
અસુર લોકના પ્રાણ હરીને, ગાદી સુરને આપીને.
ભક્તન આધીન માત દયાલી, ભક્તનને સુખ આપે છે;
એક ચિત્તથી તુને ભજે તેના, આવ્યા કષ્ટ તું કાપે છે.
કહે શેવક, કહે શેવક, તમે સુણો અરજ મા આરાસુરના રાણીજી,
,, ,, મા કરો કૃપા તુજ દાસ ચરણના જાણીજી;
,, ,, મા આવ્યા વિઘ્નોને પાપતણી કર હાણીજી.
જોડીને હાથ, વિનંતી સાથ, દાસ તારો કહેતોતો–દીન. ૪

છંદ ૧૨

સુરનમાંરે, મા અંબા તું રાજે, ગોખ યામ્ય દિશી બીરાજે–ટેક
તુજ શિરપરરે, કંચન છત્ર સારૂં, જોઈ મન હરખે હમારૂં
કરે કંકણરે, ઝળકે મુખડે હીરો, પહેર્યો નવરંગી તેં ચીરો
પાઉં પાયલરે, ઘુંઘરૂના નાદ ભારી, શોભે તિલડિ માજી તમારી

ઝુલા

નવસેરો ગળામાં હારરે, કાલિગાંઠિ પાટિયા સારરે, કહેતા નહિ આવે પારરે, તારી વાડીરે, ખુબ ખિલી મા આજે. ગોખ. ૧

અસૃખ્યરે, ભક્ત તર્યા તુજ નામે, શ્રમ લઇને કીધાં કામે અસુરનારે, પ્રાણ લિયા તમ જાતે, રણ ચડિને સૂરને માટે ગર્વિષ્ટારે, છોડિ બેઠા મન ગર્વ, આવી પાયે પડિયા સર્વ.

ઝુલ

અજની પુત્ર હનુમંતરે, જેને ગર્વ હતો અત્યંતરે, પગ ખોડો કર્યો લઇ ખંતરે, કુંવારોરે બ્રહ્મચારી હતો જે ગોખ. ૨

ત્રેતાયુગમાંરે, રાવણ લંકાપતી, મન ગર્વ ધર્યોતો અતી સિતારૂપેરે, રણમાં તેને રોળ્યો, કપટીનો ગર્વ તોડયો મહિષાસુરરે, ગર્વિષ્ટ અસુર પાપી, તેને પણ શિક્ષા આપી.

ઝુલ

રત્નાગર સાગર બલિયોરે, જેને ગર્વ અતી મન ધરિયોરે, નિરખારો કરી ઉતાર્યોરે મહાસાગરરે મેઘનાદે ગાજે. ગોખ ૩.

હંકારીરે, પ્રથ્વીપર કંઇ થયા, પણ તમ આગલ નવ રહ્યા. ગર્વવાળારે, તમ આગળ પછડાયા, જેમ પવને દીવા બુઝાયા. હું કહુંછુંરે, અંબાનું સ્મરણ કરજો, મનમાંના ગર્વો તજજો.

ઝુલ.

ગર્વ તજી ભજો કહું આજરે, મા અંબા રાખે લાજરે; મન ઇચ્છિત થાશે કાજરે. સેવકનેરે, સરણાંગતમાં લીજે. ગોખ. ૪

છંદ. ૧૩

પાવાગઢવાલી, બેઠે મહાકાલી, કર રખવાલી, ગરીબ નિવાજ. સકળ સભામાં (સભામાં), ગાઊં ગૂણ આનંદે આજ—ટેક.

ચાંપાનેર શહેરમાં, કીધો તો કેર, રાજાને ઘેર ગરબો, નિરધાર;
ગરબે રમવા (રમવા), આપ પધાર્યા જગદાધાર.
સ્ત્રીઓની સાથ, કાલિકા માત, દેવી સાક્ષાત, ગરબો ગાએ;
કોકિલ સ્વરો (સ્વરો). મધૂર મધૂર નીકળ્યા જાએ.

ઝુલ.

મધૂર સ્વરો નીકળે રાજા બેઠા આસનજી,
પતઇ જેનું નામ છે સ્વર આવ્યા તેને કાનજી;
નથી મારી નગરી વિસે ગાનારી આવી કોઇજી,
દાસી તેડાવી નિજ કને આ ગાનારી કોણ હોયજી.

ફેકતો.

દાસી વહેલી જા તું પહેલી ઝટ તેડી લાવ,
ગરબો ગાવાવાલી નારી તેડી પાછી આવ.

દાસી ત્યાં ગઇ, કાલકાને કહી, તેડાવે સહી, રાજા ધીરાજ—સકળ. ૧
દાસીની સાથ, કાલીકા માત, આવ્યા સાક્ષાત, રાજાને મહેલ.
રાજા બોલ્યા (બોલ્યા) રજની રહોને છોડી મન ફેલ.
સૂણીને વાત, કોપી તું માત, સમજ દિલ સાથ, રાજા મનમાં;
નથી ઓળખતો (ઓળખતો), કામિ અંધ પોતે તનમાં.

ઝુલ.

મનમાં તું સમજી રાયજી, છોડી દે મન વિચારજી,
કહ્યું ન માન્યું માતનુ તવ કોપ્યા જગદાધારજી;
સાંભળ રાય મુજ મંદીરે હું રહું છુ રજની રોજજી,
નગરી જાસે કેદ થાશે આવે મોગલ ફોજજી.

ફેકતો.

એવું કહીને આવીઆ, ડુંગરે આપ અવાસ;
આસને બીરાજીઆ મા, રાય થયો નિરાસ.
નીરાસે આપ, કરે પશ્ચાતાપ, પુર્વેનું પાપ, લેવાઇ લાજ—સકળ. ૨
ડુંગરપર જઈ. ભોમ સમાવું સઈ, એવો વિચાર લઇ, ઉભા નીરધાર;
અડધા અંગે (અંગે), ભોમિ માંહી ઉતર્યા દાતાર.
બાજુમાં પીર, સદનસા વીર, રાખી મન ધીર, જઇ પડીઆં પાય;
સ્થંભો માજી (માજી), તમ વીન કોણુ કરે મુજ સહાય.

ઝુલ.

અટકી રહ્યા તવ કાલિકા આવ્યું ત્યાં મોગલ દળજી,
ચાંપાનેર વીશે પરવરીને દાખવ્યું તેનું બળજી;
રાજાને બંધન કરીઆ કેદ કીધા તેની વારજી,
ભેદ સમજ્યો મન વિશે હવે નથી આધારજી.

ફેકતો.

આધાર નથી કોઇનો, લુંટઇ ગઆ ભંડાર;
રાજપાટ ખોઇ બેઠા, ખોયા રાજ દ્વાર.
સમજ્યો ન પહેલ, તવ બન્યો આખેલ, ભોગવવા જેલ, થયા
ધરતાજ—સકળ. ૩
પાપી એ મૂઢની, ગઇતી સુધ, નવ રહીતી બુધ, પ્રથમથી જ્યાંય,
આપી શિક્ષા (શિક્ષા), નવ રાખી માજી દયાય;
કંઇ દૈત્યોને માર, મા કીધા સંહાર, કરી દેવો નીવાર, રણુ ચડીયા સઇ.
ત્રીશુલ લઇને (લઇને) રણુ મધ્યે તેં રોળ્યા જઇ.

કુલ.

રણ મધ્યે તેં રોળિયા ચંડ મુંડ મહિષાસૂરજી,
મધૂકૈતભને રક્તબીજ જે પ્રગટયાતા મા કૂરજી;
અનેક ભક્તો તારિયા જે જાણે છે સઊ જગતજી,
પંડીત કાલીદાસ તાર્યો જાણી તારો ભક્તજી.

કૈકતો.

ઓગણિસ ત્રેસઠ એકાદશી શૂભ ગુરૂવાર,
કૃષ્ણ પક્ષ પોસ માસે, છંદ થયો તૈયાર.
કહે સેવક જન, મા જાણીને તન, દુર કરો વિઘન, રાખોજી
લાજ—સકળ ૪

છંદ. ૧૪

મુરખ મિત્ર વિચાર મંન આ નથી કાયા સાચી તારી
યમ રાજાનિ ફોજો છુટસે, લુટસે આ કાયા નગરી ટેક.
કાયા દેહ અવરની જાણો નવ કરશો માહારી માહારી,
પંચ મહાભુતે આપી તુજને નથી કીધી ગુન્હેગારી
માહારી માહારી કરે શું પ્રાણી માહારી માં છે બહુ નુકશાન
દ્રવ્ય અતિશય વણિક પાસે પ્રિતે કરાવે બ્રહ્મ ભોજન
જગ્યા નથિ પોતાની પાસે પંચનિ વાડી ભાડે કરી—યમ ૧

અમુક મુદત સુધી હું રાખી પાછિ પંચને સોંપુ સહી
વાડીમાં બહુ સુખ મળવાથી બ્રહ્મ ભોજન ત્યાં થયું નહી
સુખમાં ભોજન ભુલી ગયાને મુદત પંચની પુરી થઇ
પંચ કહે ખાલી કર વાડી વણિક વશો તમ ઘરમાં જઇ
વણિક કહે તમે માલિક કેવા એ વાડી તો છે મારી—યમ ૨
વણિક ને ઘણો સમજાવ્યો નવ સમજ્યો તે મનમાં જરી
અંતે કાયર થઇને પંચે વણીક પર ફરિયાદી કરી.
હુકમ સાહેબનો વારંટ છુટયો લાવ્યા તેને બંધન કરી
ગુન્હેગાર ખરો ઠરાવી નાંખ્યો કેદ, કર, બેડી ધરી
કેદ મધ્યે તફડે છે પ્રાણી, વિચાર પ્રથમ નવ લીધો
જરી—યમ ૩
પંચ રૂપિ પંચ્ મહાભુત જાણો બ્રમ ભોજન તે શુભ આચાર
વાડી રૂપી દેહ સમજ મન, સાહેબ માન તું જગદા ધાર
વારંટ યમના દુતો સમજો લક્ષ ચોર્યાશિ કેદ પ્રમાણ.
માટે જીવ તું હંકાર છોડી પંચ મહા ભુતની કાયા જાણ
કામ્ ક્રોધ, લોભ, મોહ મદ છોડી, ભજ અંબા એછે
બારી—યમ ૪
અંધારપિછોડો જગ ફેલાયો તે મધ્યે પછડાયા સઉ
દેવ મનુષ્ય કે મુંગા પ્રાણી રંક અને રાજાઓ કઉં
ભ્રાત ભગની નારી પુત્રો નહી આવે સાથે માતતાત
ભજ લે પ્રાણી માત અંબિકા સહાય કરે અહો દિનરાત
સેવક કહે છે છોડિ ફેલને માન સાચિ એક અંબા ખરી–યમ ૫

છંદ ૧૫

કક્કા, કરૂણા, કીજે, અંબિકા, ખખ્ખા ખડગ ધારણ વાલી.
ગગ્ગા, ગુલામની સંભાળ રખો જ્યું, ઘઘ્ઘા ઘડિઆળની ઘડિઆળી,
ચચ્ચા, ચતુર્ભુજ માત બિરાજે, આરાસૂર રહેને વાલી. [ટેક.
છછ્છા, છત્રકી કયા કહું રચના, શોભે કેશિ સુંદર જાલી.
જજ્જા, જરકશિ શાડિ ઓડિહે, શોભે બુટ્ટા મોટા નાની.
ઝઝ્ઝા, ઝાંઝરકા નાદ સૂણતે, સ્થીર રહત પવન પાણી.
ટટ્ટા, ટીલડી મુખડે હીરો, શોભે ઓત નાકે વાળી—ગગ્ગા ૧
ઠઠ્ઠા, ઠાલિમેં જગમેં ફિરતા, જેસા ફીરે ચોમાસે સાંડ.
ડડ્ડા, ડુમાફ ખોટા બહુ રખતા, જેશિ રખે ચકલેકી રાંડ.
ઢઢ્ઢા, ઢોંગ મસ્તી બહુ કરતા, ગેલ મહેલ ને ખેલ તમામ,
તત્તા, તારૂં સમરણ નહિ કીધૂં, જાણિ માત તાત આપના દામ.
થથ્થા, થાય જ્યાં સ્મરણ તમારૂં, કરતો અડ જઇને પહેલી—ગગ્ગા૦૨
દદ્દા, દયાને ધર્મ છોડકે, પાપિ રસ્તાપે જાતા સઇ.
ધધ્ધા, ધણિ સચ્ચા કૂં છોડી, કીધિ જુઠ્ઠા સાથે સગાઇ.
નન્ના, નથી વિચાર કરતે મન, ગર્ભવાસમાં કોલજ દીધ.
પપ્પા, પ્હેલાથી કોલ દીધ તવ, મનુષ દેહની આજ્ઞા કીધ.
ફફ્ફા, ફાલ્યોને ફુલ્યો ફરેમન, કોલ વાત દુર પર મેલી—ગગા ૩
બબ્બા, બરાબર અંધાર પિછોડો, જગ મધ્યે ફેલાયો હય.
ભભ્ભા, ભક્તી માર્ગ છોડકે, માયા માંહિ લપટાયો હય.

મમ્મા, મર્મકી બાત સૂણકે, અબી ઘણા પસ્તાયા હય.
યય્યા, યમકી ફોજ છુટે તબ, જવાબ દેને, સમર્થ નહિ હય.
રરરા, રખી નહિ બીક પ્હેલેજો, સઉકો કી પાલન વાલી—ગગા.૪
લલ્લા, લખ્યા લેખ હતા કર્મે જે, આવિ ભોગવ્યા દુનિયામાંહી,
વવ્વા, વંદિ વંદીને કહું છું, ગુન્હા માફ મુજ કરજો સહી.
સસ્સા, સેવાને સ્મરણ તમારૂ; ભકિત માર્ગકી ઈચ્છા થઇ.
શશ્શા, શદા આ તુજ બાળકને, શરણાંગતમાં રખજો સઇ.
હહ્હા, હર્ષથી સેવક કહે છે, સાચિ માત ગબ્બરવાલી—ગગ્ગા ૫

છંદ ૧૬

બહુચર બાલી અંબે દયાલી, કર ભક્તનકી તું પ્રતિપાલ.
મા તૂં દયાલી (દયાલી), લેજો પુત્રની મા સંભાલ. ટેક.
બેઠે સીંહાસન તું મતબાલી, આરાસુરવાલી અંબા દયાલ;
એક ચિત્તથી (ચિત્તથી), તુંને આરાધું સુણો સવાલ. એક.
બ્રહ્મા વિષ્ણુને મુની માહેશ્વર, જાપ જપે તારા ત્રણે કાળ;
જાપ જપે છે (જપે છે), લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ ગોપાળ. જાપ.
સુર્ય ચંદ્રને ઈંદ્રિ ઈંદ્રાણી, પ્રેમે નમે ઊમા પિતિ બાળ;
આદ્ય ઈશ્વરી (ઇશ્વરી), લીધી દેવતાઓની સંભાળ. આદ્ય.
દેવતા લોકો શીશ નમાવે, દરશનનો રાખે છે ખ્યાલ. માતું. ૧

મહા હંકારી ક્રુર અવીચારી, મથુરામાં કંસ રાય થયા;
આપ મરણના (મરણના), વ્રતાંત વ્યોમ વાણીયે કહ્યા. આપ.
તવ મ્રત્યુ તુજ ભાણેજ હાથે, વ્રતાંત કંસરાયે મન લહ્યા;
શેવક લઇને (લઇને), વાસુદેવને ધામ ગયા. શેવક.
દેવકીજીને વાસુદેવજી વીચાર કરે, કંસજી યાં ક્યાં;
વિચાર થતામાં (થતામાં), દુષ્ટો આવીને ઉભા રહ્યા. વિચાર.
બેન્ન બનેવી બંધન કીધા, ઘર બાર ભંડારો લુટયા;
પકડી લાવીને (લાવીને) કાળાગ્રહ મધ્યે રાખ્યા. પકડી.
કાળાગ્રહથી બા'ર કાઢશું, જ્યારે થશે દેવકીને બાળ. માતું. ૨
કાળાગ્રહમાં રહે છે વાસુદેવ, રહે છે સતી દેવકીજી માત;
કૃષ્ણ પ્રભુએ (પ્રભુએ), સ્વપ્ન દીધું આવી એકાંત. કૃષ્ણ.
હમો તમો ઘેર જનમ લેશું, શ્રવણ કરો હમારી વાત;
બેની હમારી (હમારી), અંબિકાજી દેવી સાક્ષાત. બેની.
તે બહેની, મુજ, સહાયતા, માં છે, જન્મ, લેશે, જમુના, ને ઘાટ
ગોકુલ, ગામે, (ગામે) પિતા, નંદ. જશોદા, માત—ગોકુલ.
નવ માસ જ્યારે પુરણ થાસે, એઘેર પ્રગટે ભગ્ની ભ્રાત.
દેવકી વાસુદેવ (વાસુદેવ) તજો મંન તણા ઉચાટ, દેવકી.
ઉચાટ, તજો હું પ્રગટ થઇને, મુકત કરૂં કાળાગ્રહ, હાલ માતું—૩
નવ માસ જ્યાં પુરણ થયાને, મધ્ય રાત્રીએ પ્રગટ થયા.
દેવકી નંદન, (નંદન) જોઇને, વાસુદેવ, ખુશી થયા. દેવકી
કૃષ્ણજી કહે ચાલો ગોકુલમાં, મને તમે મુકી આવો ત્યાંય.

એવું કહીને (કહીને) તોડયા તાળા કાલા ગ્રહ નાય. એવું
ટોપલા મધ્યે લીધા પ્રભુને, ગોકુલ તરફ પોતે સંચરયા.
એક ઘડીમાં (ઘડીમાં) જમના ઘાટ ઉપર આવ્યા. એક
વિચાર કરે શી રીતે જાવું, પગ કહાડયો કાંનુડે જ્યાં.
સ્પર્સ થતામાં (થતામાં) જમનાજી બે ભાગ થયાં. સ્પર્સ
માર્ગ મલ્યો જોઇ ચાલ્યાં વાસુદેવ, માથે લઇ પોતાનો બાળ–માતું–૪
ગોકુલ ગામે પ્રવેશ કરીને, આવી પોંચ્યા નંદજીને ધામ.
કહાન આપીને (આપીને) વિજળી બહેનીનૂં મારે કામ. કહાન
તમ પુત્રીનું, રક્ષણ કરશુ, તમે રહેજો નિશ્ચંત તમામ.
પુત્રી લઇને (લઇને) આવી પોંચ્યા કાલાગ્રહ ધામ. પુત્રી
પ્રાતઃકાળ જ્યાં પ્રગટ થયો, દરવાનો કરી રહયા છે કામ.
કસ રાયને, (રાયને) હકીગત જઇ કહી તમામ. કંસ
રાય હુકમે ગયા શેવકો, લાવ્યા પુત્રી રાજાને ધામ.
સલ્યાઃ સાથે, (સાથે) વધેરજો રાખીને હામ, સલ્યા.
વધેરવા જ્યાં લીધી હાથમાં, ઉડી આકાસે ત્યાં તતકાળ, માતું–૫
દેવકી વાસુદેવ મુકત થયાને, વરતાયો ત્યાં જયજયકાર.
વિજળી રૂપે (રૂપે) સહાય કરી અંબા બલીહાર. વિજલી
કૃષ્ણ પ્રભુ તુજ પાયે પડીયા, કેમ ભુલું તારો ઉપકાર.
સદા હમારી (હમારી) સહાય કરો શ્રી જગદાધાર. સદા
ત્યાર પછીથી યુધ્ધ આરંભ્યું, રાજા કંસ સામા તેવાર.
ધનુષ ભાંગીને (ભાંગીને) મામા કંસને કીધો ઠાર. ધનુષ

ઓગણીસે બાસઠ શ્રાવણે, સુકલપક્ષ, બીજને, સોમવાર,
છંદ બનાયા (બનાયા) ગાયા આવિ અંબિકાદ્વાર. છંદ
સેવક કેછે શીશ નામીને, સદા રખું શીરપર તુજ ઢાલ—માતું ૬

છંદ ૨૭

મા સૂરત સહેરની, કરતી તું પ્રતિપાલે,
બેઠી દરવાજે કરતી તું રખવાલે. ટેક.
મહા લક્ષ્મિ માત, બેઠે સિંહાસન મ્હાલે,
અસ્વનીકુમારના, રસ્તાપર છે હાલે.
મા પ્રગટ થયા, ઓગણિસે બાવંની સાલે,
જે સમય, પ્લેગ, સુરતમાં ભારે ચાલે.
કંઇ આવી દુઃખિયા, કરતા તને સવાલે,
તું પુરતિ આસ, સુણિને તેના હવાલે.
તું સોમા ભગતને, પ્રશન થઇ તતૂકાળે,—બેઠી. ૧
પ્રથમ ઝૂંપડી, નાની સરખી તારી,
સારસા તું ઝાડ, બાજુમાં આનંદ કારી.
આથમણે ગોખે, શૂં શોભે સુંદર બારી,
દરશન કરવાને, આવે ત્યાં નર નારી.
તારિ સેવા કરતો, હતો મા એકબ્રહ્મચારી,
તેં ટુંક સમયમાં, તેને દીધો વિસારી.

કહે ભગત, માજી, બંધાવો દહેરૂ તત્કાળે,—બેઠી. ૨
કિયા હુકમ્ દેહરૂં બંધાવવા ધારી મન્ને,
જાતે કંદોયણ, નામે બાઈ રતનને.
બંધાવ્યૂં દેહરૂં, આસો સૂદ આઠમ દિન્ને,
ઓગણીસે ઓગણસાઠમાં થયું પુર્ણું.
કરી કૃપા માત, બીરાજ્યા જઇ આસન્ને,
સોળે સણગારો શોભે આભુષણે.
તારી સેવા કરે, રામચરણ દાસજી બાળે,—બેઠી. ૩
કામ, ક્રોધને, લોભ મોહ, મદ, ભારી,
એ પંચ સત્રુએ કરી પ્રથ્વિ પથારી.
તે મધ્યે ઘેરાયા, ભકતો ભક્તિ ભુલિ તારી,
તૂં બચાવ કરીને, લેજે માજી ઉગારી.
હૂં જપૂં તમારો, જાપ નિત્ય દિલધારી,
હવે ક્ષમા કરો મા, ભૂલ થઇ જે મારી.
કહે શેવક, વારે ધાજો મા ચાચરવાલી.—બેઠી. ૪

છંદ ૧૮
હોળી.

આજ ખેલે અંબિકામાજી હોરી, શોભે સપેદ શાડિ મા તોરી ટેક.
અબિલ ગુલાલતે, ઉડતે ભારી, હો રહી આનંદ કારી,—મા, ૧

લાલ પિળા ઓર, કેશરિ રંગકી, હાથ લિનિ પિચકારી,—મા, ૨
ચોસઠ જોગણિ, હિલમિલ્ર બેઠે, લગ રહી રંગ ઢીસોરી,—મા, ૩
તાલ મૃદંગમા, બોતહી બાજે, તંબુર કા સુર જોરી—મા, ૪
ભકિત ફગવા, હમકું દીજે, બાળક રંક તૂં ધારી,—મા, ૫
શેવક મા, ચર્ણો શેવે રાજી, શર્ણો શર્ણુ આધારી,—મા, ૬

છંદ ૧૯

ધીક ધીકરે જીવ્યા સંસાર, ભવાની ભજન વિના.
ખોટા ખોટા ભુમીપર ભાર, ભવાની ભજન વિના, ટેક.
ધીકરે જનુની, જેને લજવીને, બોળ્યું તાતનું નામ,
ધીકરે ભાઇબંધ તારા નેકને, નહી આપિ ભકિતમાં હામ—
ભવાની. ૧
ધીકરે ચર્મ ચક્ષુ તાહેરા, જેને જોયા ન જગદાધાર
છતી વસ્તુ જોઇ નહી તેં, જેથી તરો ભવપાર—
ભવાની. ૨
નામ પડ્યું, જેહનુ, તેનો અંતે થવાનો નાશ,
મોહ માયા છોડી દઇને, રાખ અંબાની આશ,—
ભવાની. ૩
અનેક ભકતો તરી ગયા, જેને સેવ્યા અંબે માત,

ડુબતું ઝાંઝ મા તારિઉં તે, તાર્યો વણીક જાત,—
ભવાની. ૪
શક્તિ ઊપાશક મંડળી, આજે ગાય તમારા ગુણ;
શેવક કહે છે "વ્રશ્ચિક" રાશીના, બાળની અરજ સુણ—
ભવાની. ૫

—(०)—

છંદ. ૨૦

મા તુ, આરાસુરવાળી, અંબે દયાળી, કર રખવાળી, શેવકની સહાય. ટેક.
અસંખ્ય વિઘ્નો ટાળીને મા, કીધી દાસને સહાય;
સાહ્ય કીધી સુર લોકને, રોળિ મહિષાસુર રણમાંયરે—માતુ. ૧
પ્રગટ થયા પંચાળ માજી, દ્રુપદ રાયને ત્યાંય;
પ્રેમે પાંડવ સાથે વર્યા મા, માર્યો દુર્યોધન રાયરે—માતુ. ૨
રામને વરી મા સીતા રૂપે, રહ્યા વનની મ્હાંય;
કપટી રાવણ હરી ગયો, મારી લંકામાં કીધી લાહ્યરે—માતુ. ૩
દેવની અરજ સાંભલીને, માર્યો મધુકૈટ દૈત્ય;
રણ મધ્યે તેને રોળીઓ મા, મોહિનિ રૂપમાં જયરે—માતુ. ૪
દેવ દાનવને મનુષ્ય જાતી, રિઝે અંબા ગુણ ગાઇ;
તેત્રીશ કોટી શીશ નામે, માંગે તમારી સહાઇરે—માતુ. ૫
હું રંક બાળક અર્જ કરૂં છું, સ્વીકારો ઊર લઇ;
શેવકને એક આશ તમારી, વ્હારે ચડો મા ધાઇરે—માતુ. ૬

છંદ. ૨૧ આરતિ.

જયઅંબા શકિત, જયઅંબા શકિત, માંગુ હું કરજોડ માંગુ હું કજોડ, દેયો ભાવે ભકિત ॥ જય. ૧॥ બેઠે સિંહાસન, માત, આરાસુર વાલી આરાસુર વાલી મુગટ મીણાકાર મુગટ મીણાકાર, ઝલકે છે સાડી ॥ જય, ૨ ॥ મોતનમાળા ઉર કરકંકણ ચુડી કુંડળ મકરા કાર કુંડળ મકરા કાર સોભા બહુ ન્યારી ॥ જય. ૩ ॥ કીધો પાન્ડવ જય, કુરૂક્ષેત્ર માંહી કુરૂક્ષેત્ર માંહી કૌરવ મારયા સાર કૌરવ મારયા સાર મા વારે ધાઇ ॥ જય ૪ ॥ લીધું ભીલડી રૂપ વનમાંહીચાલી વનમાંહીચાલી શીવજી કરતાં તપ શીવજી કરતાં તપ ઉભા કર ઝાલી ॥ જય. ૫ ॥ ચાર જુગની માંહી સચરાચર વ્યાપી સચરાચર વ્યાપી અસુરો કીધા ઠાર અસુરો કીધા ઠાર સુર ગાદી સ્થાપી ॥ જય. ૬ ॥ આ આરતી અંબાની ભાવ ધરી ગાસે ભાવ ધરી ગાસે પ્રાશ્ચિત કીધા જેહ પ્રાશ્ચિત કીધા જેહ પળમાં તે જાસે ॥ જય. ૭ ॥ શેવક નામે શીશ દરશન મા દીજે દરશન મા દીજે ભકત જાણીને માત ભકત જાણીને માત શરણાંગત લીજે. ॥ જય. ૮ ॥

છંદ. ૨૨

અહો માત અંબા તું દેવી દયાળી, બેઠી ગોખ મધ્યે આરાસુરવાળી,
પહેરી ચૂંદડી કસબી કોરવાળી, વારે ધાઇને કષ્ટ કાપો કૃપાળી.૧
કાને કુંડળો વેડવીંટીજ સારી, પાંઊ પાયલો ગૂંગરૂંનાદ ભારી;
છુટી લટ તારી મા નાગણુ કાલી, વારે ધાઇને કષ્ટ કાપો કૃપાળી.૨
કરે કંકણો હાથ ત્રીશુલ રાજે, કાલીગાંઠીને પાટિઆ ઊર છાજે;
ભરિ પુષ્પ સુગંધીની ખૂબ જાળી, વારે ધાઇને કષ્ટ કાપો કૃપાળી.૩
ગુલાબ મોગરો ગરણિ ગોટો હજારી, જાઇ જુઇ સાહેલીનો
બહાર ભારી.
કદમ કેતકી પુષ્પ ચંપો ચંબેલી, વારે ધાઇને કષ્ટ કાપો કૃપાળી.૪
અલંકાર વસ્ત્રો વાડિ ખૂબ તારી, જોઇ મોહ પામે સઉ નરનારી;
સદા માગે દર્શન તૂને ભાળીભાળી, વારે ધાઇને કષ્ટ કાપો કૃપાળી.૫
થએ દર્શને માત હું રાજીરાજી, જેમ જળમાં મચ્છિ રહેજ સાજી;
કરી મહેર દર્શન દેજો દયાળી, વારે ધાઇને કષ્ટ કાપો કૃપાળી.૬
કરી દેવનીવાર અસૂર માર્યા, ચંડ મુંડ જેવા ગર્વિષ્ટો સંહાર્યા;
મહિષાસુર માર્યો તેં મા રણુ રોળી, વારે ધાઇને કષ્ટ કાપો કૃપાળી.૭
ચત્રુભૂજ દર્શન વિમળને દીધાજી, કાલીદાસ પંડિત મા તેં કીધાજી;
શેવક દાસની આશ પૂરો દયાળી, વારે ધાઇને કષ્ટ કાપો કૃપાળી.૮

છંદ. ૨૩

પ્રણામ પ્રણામ પ્રણામ, અંબે માતને પ્રણામ;
પ્રણામ પાવાગઢ વાલિ, કાલિને પ્રણામ. પ્રણામ. ૧
પ્રણામ કરીને શિશ નામે, ભકતો મા તમામ;
દયા ધરીને વિઘ્ન હરી, આપો માજી હામ. પ્રણામ. ૨
દયા ધરી અનેક તણી, તેં કીધા પુર્ણ કામ;
વરણ અરાડે ગુણ ગાયે, લે તમારૂં નામ. પ્રણામ. ૩
બ્રહ્મા વિષ્ણુ શીવ તને, જપે કૃષ્ણ કહાન;
સૂર સરવે એક ચિન્તે, ધરે તારૂં ધ્યાન. પ્રણામ. ૪
ધ્યાન ધરે જે કોઇ માનું, રાખી ટેક મન;
દુઃખ જાયે સુખ થાયે, થાયે મા પ્રસન. પ્રણામ. ૫
કહે શેવક ઓ માત્, હમારા આવ્યા કષ્ટ કાપ્;
શાન્તિ, શાન્તિ, શાન્તિ રૂપે, સંઘળે મા તું વ્યાપ્. પ્રણામ. ૬

અગાઊથી આશ્રય આપનાર ગ્રહાકોના નામ.

રા. રા. શેઠજી સાહેબ તાપીદાસ હીરાચંદ તંબાકુવાલા. પ્રત. ડો. બરાનપુરી ભાગલ. ૩૧

રા. રા. શેઠજી સાહેબ શેઠ. ચુનીલાલ લલ્લુભાઇ જરીવાલા છાપરીઆ શેરી. ૨૫

છાપરીઆશેરી

શા૦ છોટાલાલ હેમચંદ.	૫
શા૦ ચુનીલાલ બાલમુકનદાસ	૩
શા૦ દયારામ પ્રાણુજીવનદાસ	૨
શા૦ નરશીદાસ પરભુદાસ.	૧
પા૦ પરભુદાસ જગજીવનદાસ.	૨
વાલંદ. ગોવનભાઇ નારણુદાસ.	૧
લુવાર. જમનાદાસ તુલજારામ.	૧
શા૦ વાડીલાલ નથુભાઇ	૧

ગલેમંડી.

હરકીશનદાસ ફકીરચંદ.	૫
ચુનીલાલ જીણાભાઇ.	૧
ઘાંચી. ઘેલાભાઈ નાનાભાઇ.	૧
ભટ. ગણુપતરામ દેવશંકર,	૧
ભટ. નાનાલાલ ગોપાળજી.	૧
મગનલાલ ગોવનદાસ.	૧

ગલેમંડી મોટી શેરી.

પા૦ છબીલદાસ શીવલાલ.	૨
પા૦ નરોતમદાસ માવજી.	૧
પા૦ ભીખાભાઇ ઇચ્છારામ.	૧
પા૦ જેકીશનદાસ હરગોવનદાસ.	૧
પા૦ ડાહ્યાભાઇ રણુછોડદાસ.	૧
પા૦ મંછારામ જગજીવનદાસ.	૧
પા૦ રાઘવજી વનમાલીદાસ.	૧
પા૦ મોતીરામ પ્રાણુજીવનદાસ	૧
પા૦ છોટાલાલ બાલુભાઈ	૧
પા૦ શીવલાલ કશનદાસ	૧

લાલ દરવાજા મોટી શેરી

પા૦ પરભુદાસ શંકરદાસ	૫
પા૦ ચુનીલાલ ખુશાલદાસ	૨
પા૦ નારણુદાસ લલ્લુભાઇ	૧
પા૦ લલ્લુભાઇ આત્મારામ.	૧
પા૦ ઇચ્છારામ લાલભાઇ.	૧
પા૦ ઇચ્છારામ પરભુદાસ.	૧
પા૦ હરકીશનદાસ કેશવજી.	૧
પા૦ ગોરધનદાસ ખુશાલદાસ	૧
પા૦ દેવચંદ શામળ	૧
પા૦ નાથુભાઇ નારણુદાસ	૧

પીપળાશેરી

પા૦ નાથુભાઇ કુબેરદાસ	૨
પા૦ નાથુભાઇ નરોતમદાસ	૧
પા૦ ગોવનરામ દેવજી	૧

ગુંદીશેરી

પા૦ પરશોતમદાસ લલ્લુભાઇ ૧

પા૦ કશનદાસ નરોતમદાસ ૧

દેગમપુરા દુધારાશેરી.

પા૦ વજેરામ મુલચંદ ૫

પા૦ ચુનીલાલ જેકીશનદાસ ૩

પા૦ શીવલાલ દયારાંમ ૩

પા૦ જગજીવનદાસ કાલીદાસ ૨

પા૦ જેકીશનદાસ પરાગ ૧

સોની નાથુભાઇ ઘેલાભાઇ ૧

પા૦ પ્રાણજીવન અંબાઇદાસ ૧

પા૦ પરભુભાઇ કેવલરામ ૧

પા૦ જેકીશનદાસ દેવચંદ ૧

પા૦ જેકીશનદાસ નારણદાસ ૧

પા૦ સુલચંદ હરગોવનદાસ ૧

દેગમપુરા ખાંગડ શેરી.

પા૦ શીવલાલ ઇચ્છારામ ૫

પા૦ લલ્લુભાઈ ગોમાભાઇ ૨

શા૦ મોતીરામ ભગવાનદાસ ૨

પા૦ નગીનભાઇ ગલાલભાઈ ૧

ચોપારા શેરા.

ચેવલી કાલીદાસ ત્રીકમદાસ ૫

ભાવશાર કલ્યાણદાસ રાંમજી ૧

આમલી શેરી.

પા. છોટુભાઇ જેઠાભાઇ ૨

ભુલામોદીનો ચકલો.

છગનલાલ જગજીવનદાસ ૨

જમીયતરામ જગજીવનદાસ ૨

શોની જમનાદાસ નગીનદાસ ૧

મહેતા. વીઠુલદાસ ભાણજીભાઇ ૧

ઝાપા બજાર.

ગાંધી જમનાદાસ પ્રેમચંદ ૧૧

ગાંધી નાથુભાઇ બાલુભાઇ ૧

કણીઆ ગુલાબદાસ દુલભદાસ ૧

સલાબત પુરા.

ખ૦ કીરપારામ કાનજી ૪

ખ૦ ભાઇચંદ બહેચર ૧

ખ૦ જગદીસ રામજી ૧

ખ૦ કશનદાસ જગદીસ ૧

ખ૦ મગનલાલ શીવલાલ ૧

ફકીરા પુંજીયાની શેરી.

હરકીશનદાસ જેકીશનદાસ ૧૦

ઇન્સપેકટર છોટાલાલ ભાનુશંકર ૧

પા૦ મગનલાલ દેવચંદ ૧

નવાપુરા.

ખ૦ હરખચંદ તાપીદાસ ૫

શોની છગનલાલ કાલીદાસ ૧

જોશી ઠાકોરલાલ મુળશંકર ૧

મારવાડી ઝવેરચંદ દલીચંદ ૧

શા૦ ચુનીલાલ દેવચંદ ૧

નવાપુરા ઢાલીઆશેરી

ઠા૦ છોટુભાઇ જગજીવનદાસ ૩

પારસી શેરી

પા૦ નાથુભાઇ મોતીરામ ૧૦

પા૦ પ્રાણભાઇ નરોતમદાસ ૧

પા૦ ડાહ્યાભાઇ નરોતમદાસ ૧

વાલંદ નાથુભાઇ વલભરામ ૪

ફુવાળાનો ટેકરો.

ભજીઆવાળા હીરાલાલ કાશીદાસ ૧૧
ગાંધી મગનલાલ બહેચરદાસ ૨
ગાંધી છગનલાલ જીણાભાઇ ૨
દલાલ પ્રેમચંદ ઉત્તમરામ ૪
ગાંધી ઠાકોરદાસ શીવલાલ ૧
ગાંધી નગીનદાસ લાલભાઇ ૧
ગાંચી છગનલાલ લાલભાઇ ૧
તંબાકુવાલા ઘેલાભાઇ રતનચંદ ૧
તંબાકુવાલા અમથાભાઈ કીકાભાઇ ૧
તંબાકુવાલા બાલાભાઈ ઇશ્વર ૧
ગાંધી રણછોડદાસ મકન ૧
ઠા૦ છગનલાલ ચુનીલાલ ૧
સુખડીયા કલુભાઇ સામદાસ ૧
ગાંચી છગનલાલ શીવલાલ ૧
ગાંચી જગજીવનદાસ બાલાભાઇ ૧
ગાંધી છગનલાલ આત્મારામ ૧

ગોલવાળાનો ચકલો

લુવાર ચીમનલાલ નગીનદાસ ૧
લુવાર નગીનદાસ જગજીવનદા ૧
લુવાર પ્રાણજીવનદાસ પરભુદાસ ૧
લુવાર હરગોવનદાસ પ્રાણજીવનદાસ ૧
કંશારા મગનલાલ ચુનીલાલ ૧

હરીપુરા

પંચોલી તીભોવનદાસ જમનાદાસ ૧૧
પંચોલી નાથુભાઇ ફકીરચંદ ૨
શા. ગોપાલદાસ મોતીરામ ૧
ચોકશી ગુલાબદાસ ચુનીલાલ ૧
પંચોલી નાથુભાઇ નરશીહદાસ ૧
પંચોલી જીણાભાઇ જગજીવનદાસ ૧
પંચોલી ખુશાલદાસ ગંગારામ ૧
પંચોલી અંબારામ વણારશી ૧
પંચોલી મગનલાલ આત્મારામ ૧
પંચોલી નાથુભાઇ લલ્લુભાઇ ૧
ઘાંચી જીણાભાઇ હીરાચંદ ૧
ઘાંચી ડાહ્યાભાઇ કાળીદાસ ૧
શોની વીઠ્ઠલદાસ જેકીશનદાસ ૧
જડીયા મગનલાલ મુલચંદ ૧

ચારખાનાનો ચકલો

તારકસ ચુનીલાલ નગીનદાસ ૫
પટેલ વજેરામ આત્મારામ ૧
પટેલ ભાઇચંદ ગુલાબચંદ ૧

લીમડા શેરી

પા૦ માણેકલાલ ભાઇચંદ ૧
પા૦ જેઠાભાઈ રામદાસ ૧
પા૦ લલ્લુભાઇ ફકીરચંદ વાશી ૧

રામપુરા

પા૦ દેવચંદ ગોપાલદાસ ૧
પા૦ જેઠાભાઈ અમથા ૧
પા૦ મગનલાલ હરીભાઇ ૧
રજપૂત બેચરદાસ કાળીદાસ ૧
પા૦ રંગીલદાસ વલભરામ. ૧

સૈયદપુરા

શા. ચુનીલાલ જમનાદાસ ૨
રંગરેજ નગીનદાસ શીવલાલ ૧
બ્રાહ્મણ ચંદુલાલ બાપુજી ૧
લુવાર મગનલાલ પુંજાભાઇ ૧

કંશારાશેરી

દરજી કાળીદાસ હરગોવનદાસ ૨

થોભાશેરી

અમ્રતલાલ ચુનીલાલ ૨

નાગરશેરી

બ્રાહ્મણ ફકીરચંદ જીવણદાસ ૧
લુવાર મગનલાલ પુંજાભાઇ ૧

વાણીઆ શેરી

રતીલાલ નરભેરામ ૨

મહીધરપુરા દાલીયા શેરી

પા૦ ભાઇચંદ નારણદાસ ૧
પા૦ કશનદાસ ગોવનદાસ ૧
પા૦ મોતીરામ વનમાળીદાસ ૧
પા૦ દેવચંદ ન્યાલચંદ ૧

મણીઆરાશેરી

પા૦ લલ્લુભાઈ ગોપાલદાસ ૨

ગોલશેરી

શા. ઘેલાભાઇ રાયચંદ ૨
ખા. રણછોડદાસ અંબારામ ૧

તરતીઆ હનુમાન

ગાંચી મગનલાલ ઘેલાભાઇ ૧
હરગોવનદાસ જોઇતારામ ૧

ગુજર ફલીઉં

ગાંચી ભગવાનદાસ આતમારામ ૧
શા. હરકીસનદાસ કાશીદાસ ૧

પીરછડી

ઘાંચી ગોપાલદાસ મોતીરામ ૨
ઘાંચી ચુનીલાલ જીણાભાઇ ૧

બુરાનપુરી ભાગળ

પસ્તાગીયા હરગોવનદાસ મોતીરામ ૫
પસ્તાગીયા રામજી અમથા ૧
સુખડીયા રણછોડદાસ વનમાળી ૧
સુખડીઆ વલભ પેમજી ૧
સુખડીઆ મુલચંદ મોતીરામ ૧
ઠા. પરભુદાસ મોતીરામ ૧
ઠા. ઇચ્છારામ ફકીરભાઇ ૧
ઠા. વીજભુખણ દયારામ ૧
ગોલવાળા ભુખણદાસ રણછોડદાસ ૧
ગાંધી ચુનીલાલ હરજીવનદાસ ૧
ગાંધી જેઠાભાઇ બહેચર ૧
ગાંધી બહેચર વીઠલદાસ ૧
ગાંધી ભુખણદાસ કીકાભાઇ ૧
ગાંધી નાથુભાઇ રણછોડદાસ ૧
ગાંધી રણછોડદાસ અમથા ૧
ગાંધી મગનલાલ અમથા ૧
જરીવાલા મોતીરામ ભીખાભાઇ ૧
ભજીઆવાલા રાજાભાઇ ૧
તંબોલી પરશોતમ કુબેર ૧
પસ્તાગીઆ મોતીરામ કુબેર ૧

બરાનપુરી ભાગળ

ગાંધી ગીરધરદાસ મકન ૧

ગાંધી બહેચર જીણા	૧
નગીનદાસ ભગવાનદાસ	૧
ગાંચી લાલભાઇ માણેકચંદ	૧

લીમડા ચોક.

પા. જમનાદાસ ફકીરચંદ	૧૧
ગલીઆરા દામોદર જવેરચંદ	૧
ગલીઆરા મોતીરામ બાલુભાઇ	૧
ખા. જેકીશનદાસ નારણ.	૧
ગોવનભાઇ ફકીચંદ (લાલવાળા)	૧
ખા. ભુખદાસ વલભરામ	૧
ખા. દયારામ દેવચંદ	૧
ખા. પ્રાણજીવનદાસ મંછારામ	૧

લુહારપોર

ગીવાલા છગનલાલ ઉત્તમચંદ	૧૨
ભટ મણીલાલ દલપતરામ	૧

ચોક બજાર

મોડ. મોતીરામ લક્ષ્મીદાસ.	૧
કાપડીઆ. ચુનીલાલ તુલશાદાસ	૧

બડેખાનો ચકલો

પેન્ટર. દયારામ કાનજી	૨

નાનપુરા

ઘાંચી. રણછોડદાસ વીઠ્ઠલદાસ	૫
ઠા. ભુખણદાસ દુલભરામ	૧

ગોપીપુરા

ઘાંચી. નાથુભાઇ તાપીદાસ	૫
શા. હીરાલાલ છગનલાલ	૧
શા. ફકીરચંદ હીરાલાલ	૧
શા. નાનાભાઇ ખુબચંદ	૧
શા. ઘેલાભાઇ મગનલાલ	૧
શા. નાથુભાઇ જીણાભાઈ	૧
ઘાંચી. રણછોડદાસ વીઠ્ઠલદાસ	૧

સીંધડાઆવાડ

શા. આત્મારામ કેશવરામ	૨

મોટી છીપવાડ

ખા. કેશવરામ રામશા	૧૧
ખા. મોતીરામ નરશીદાસ	૧
ખાં. વલભરામ કાશીરામ	૧
ખા. નાથુભાઇ કાલીદાસ	૧
ખા. મંછારામ જમનાદાસ	૧
ખા. દલશુખરામ મયારામ	૧
ખા. લલ્લુભાઇ માણેકચંદ	૧
ભાવશાર હરીલાલ ઘેલાભાઇ	૧
ભાવશાર નાનાભાઈ મગનલાલ	૧
ખા પ્રાણજીવન પરભુદાસ	૧
ખા. ચુનીલાલ પ્રેમચંદ	૧
ખા. પ્રાણજીવન નારણદાસ	૧
ખા. સુરજરામ ભગવાનદાસ	૧
ખા. મણીશંકર શીવશંકર	૧
ખા. નાનાભાઇ દુલભરામ	૧
ઘાંચી મંછારામ ઘેલાભાઇ	૧

નોસારી ભાગળ

મોઢ રણછોડદાસ છગનલાલ	૧

સગરામપુરા ઘેડ તળાવડી.

હરગોવનદાસ કરશનદાસ	૫

સગરામપુરા ઝુંડાસેરી

ખા. આત્મારામ પંડીત	૨
ખા. તુલશીદાસ વલભરામ	૧
ખા. છોટાલાલ નારણદાસ	૧
ખા. ડાહ્યાભાઈ કલ્યાણદાસ	૧
ખા. ગંગારામ ઇછારામ	૧

ખા. ગોવનભાઇ કેવળરામ	૧	શોની દામોદર હરખાજી	૨
હીંગલાજનો મઠ		કંશારા જીવણ ગોશાઇ	૧
ખા. ચુનીલાલ નરશીદાસ	૧	કંશારા ભવાનીદાસ કેશુર	૧
નાની છીપવાડ		ઠાકોર શીતારામ મહાવીર	૧
ભાવશાર નાથુભાઇ હરગોવનદાસ	૧	કંશારા ગીરધરલાલ ડાહ્યાભાઇ	૧
વાડી ફળીઉ		લુવાર મોરારદાસ ફકીરભાઇ	૧
શા. વરજદાસ મોતીરામ	૫	**ધરમપુર**	
શા. વરજદાસ કલ્યાણદાસ	૧	શેઠ છોટાલાલ ગોપળદાસ	૪
પોલીશ નાથાલાલ દાજીભાઇ	૧	**ખંભાત**	
ભટ શ્રીકૃષ્ણ ઘેલાશંકર	૧	પા. જવેરભાઇ ગોરધનદાસ	૨
પચીગર શીવલાલ નગીનદાસ	૧	જોશી. મુલશંકર મગનલાલ	૧
ખપાટીઆ ચકલો		પા. નાનાભાઇ હરગોવનદાસ	૧
ગાચી છગનલાલ તાપીદાસ	૨	પા. પેનશુખ મુલચંદ	૧
શોની ઠાકોરદાસ નગીનદાસ	૧	**અમદાવાદ**	
વલશાડ		ચીમનલાલ ડોકટર	૨
શેઠ. છગનલાલ કીરપારામ	૫	**મુંબાઈ બોરીબંન્ડર**	
શેઠ. પીતાંબરદાસ નારણદાસ	૨	બ્રાહ્મણ નાથુભાઇ પરશોતમદાસ	૧
ઠા. ચંદુલાલ દલપતરામ	૧	**મુંબાઈ અબદુલ રહેમાનસ્ટ્રીટ**	
રાણા. ડાહ્યાભાઇ મોતીરામ	૧	એલ એમ ઠક્કર	૫
શા. માણેકલાલ ગોરલદાસ	૧	પંડયાં બાલુરામ **નાશક**	૨
જાની આત્મારામ નીછાભાઇ	૧	**બુણુરી**	
શા રાયચંદ મેગાજી	૧	શા નાથુભાઇ નગીનદાસ	૨
શા ઉત્તમચંદ રાજારામ	૧	**નાનાવરાછા**	
દેશાઇ પ્રાગજી ડાહ્યાભાઇ	૧	શા. ચીમનલાલ ગીરધરલાલ	૨
શા ભગવાનદાસ નરભેરામ	૧	**કતારગામ**	
શા જેકીશનદાસ ત્રીભોવનદાસ	૧	પા. મુલચંદ લાલા	૨
શોની હીરાલાલ તુલજારામ	૧	દેશાઇ ડાહ્યાભાઇ પરાગજી	૧
શોની પ્રાણજીવનદાસ દુલભરામ	૧	**ભરથાણા**	
પારડી		પા. જેલુભાઇ વીઠ્ઠલદાસ	૫
શા નંદલાલ ઘેલાભાઇ	૫	પા. ભીખાભાઇ ડાહ્યાભાઈ	૨

પાંચમા છંદનો વધારો.

ધન્ય મહાલક્ષ્મી ધન્ય મહાકાલી, ધન્ય અંબામા બલીહારી;
પાપી રોગથી બચાવ કરો મા, તુમ બિન નહી એક બારી.
દર્શન દીધાં વિમળ ભક્તને, સહાય કરી પ્રેમે ભારી;
નમન કરી કહુ છું હું માજી, મદદ માગે દુનિયા તારી.
મદત કરો મા માત અંબિકા, જય જય આરાસૂરવાલી–ડુંગર. ૪
રાખી દેવ દૈત્યો સંહાર્યા, મહીષાસુરના પ્રાણ હર્યા;
સૂરલોકોને ગાદિ સોંપી મા, ચંડ મુંડને ઠાર કર્યા.
સીતારૂપે રાવણ માર્યો, રામચંદ્રના કાજ કીઆ;
ઓગણીસે બાસઠ અસાડ સુદ, બીજ રવીએ છંદ કીઆ.
શેવક તમારો નમન કરી કે', વારે ધાજો ગબ્બરવાલી–ડુંગર. ૫

ૐ

જાહેર ખબર.

આથી સરવે ભાવીક ભકતોને વિનંતી કરવામાં આં છે કે આ ચોપડીની ઉપજના પૈસા થયેલો ખર્ચ બાદ જતાં બાકીના પૈસા ધર્માદા કામમાં વાપરવાના છે માટે આપનાથી જેટલો બને તેટલો આસરો આ કામમાં જરૂર આપશોજી.

મળવાના ઠેકાણાં

શા. નગીનદાસ રણછોડદાસ જરીવાલા ઠે૦ છાપરીઆશેરી.
તંબાકુવાલા તાપીદાસ હીરાચંદ ઠે૦ બરાનપુરી ભાગળ.
જોશી નાનાલાલ પારવતીશંકર ઠે૦ મહાકાલીજીના દહેરામાં અંબાજીનો ચકલો.
ગણપતીશંકર વિજયાશંકર ઠે. અંબામાતાના દહેરામાં.

ચોપડીના નામ

શ્રી અંબિકા છંદમાળા	૦—૨—૦
સતી સીમંતિનીની કથા	૦—૨—૦

લી૦ "સેવક"
ક. તા